RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 220* Date: 07.06.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના કેસો પીક પર કે ખતરનાક ત્રીજો તબક્કો શરૂ થયો...?

# ‘કોરોના અનલોક’: કેસો મામલે ભારત ઈટાલીથી આગળ

ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના કેસો તેની શિખરે(પીક) પહોંચી રહ્યાં હોય અથવા તો સંક્રમણનો ખતરનાક સંભવિત ત્રીજો તબક્કો ચાલી રહ્યો હોય તેમ આજે શનિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકના સમયગાળામાં દેશમાં સતત ૪થા દિવસે ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯,૮૮૭ કેસો બહાર આવ્યાં અને આ જ સમયગાળામાં વધુ ૨૯૪ દર્દીઓના મોત થયા છે. નિષ્ણાતો એવો ભય વ્યક્ત કરે છે કે જો આ જ પ્રમાણે કેસો વધ્યા કરશે તો સંક્રમણને રોકવા કદાજ ફરીથી લોકડાઉન અંગે સરકાર વિચારે તો નવાઇ નહીં. અલબત્ત ૪-૪ લોકડાઉન બાદ હાલમાં અનલોક-૧ ચાલી રહ્યો છે તેથી ફરીથી લોકડાઉનની કોઇ શક્યતા જણાતી નથી. તેમ છતાં જનહિતમાં સરકાર કોઇપણ નિર્ણય લઇ શકે છે. આંકડાઓ પર નજર નાખીએ તો ભારતમાં એક જ અઠવાડિયામાં કોરોનાના ૬૧ હજાર કેસ વધ્યા છે. કેસોની સંખ્યામાં ભારત હવે ઈટાલી કરતાં પણ આગળ નિકળી ગયું છે. જો કે મૃત્યુઆંકમાં ભારત ઈટાલીથી ખૂબ જ પાછળ છે. જોકે, ઈટાલીમાં ૩૩,૭૭૪ દર્દીઓનાં મોત થઇ ચૂકયા છે જયારે ભારતમાં આ આંકડો ૬૬૪૯ છે.



કોરોનાને હરાવવા બે મહિનાના કડક લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટના પગલે કોરોનાનો કેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. અને હજુ તો ૮ જૂનથી મોલ-ધાર્મિક સ્થાનો વગેરે. ખુલી રહ્યાં છે. ત્યારે તે વખતે કેસો વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે, શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૩૬,૬૫૭ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯૮૮૭ નવા કેસ સાથે કોરોનાનો વિસ્ફોટ થયો હોય તેમ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો જોવા મળ્યો છે.

એકતરફ કેસો વધી રહ્યાં છે તો બીજી તરફ રિકવરી રેટમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮.૨૦ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૧૧ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧,૧૪૦,૭૩ સુધી પહોંચી ગયો છે.જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૯૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૬૪૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનીવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૧૫૯૪૦ કેસ સક્રિય છે.

કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે પણ શનિવારે કોરોનાના આંકડા જાહેર કર્યા હતા. જેના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૮૭ કેસ સામે આવ્યા હતા.સાથે જ ૨૯૪ લોકોના મોત થયા છે. આ દરમિયાન દેશમાં સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૩૬ હજાર ૬૫૭ થઈ ગઈ છે. જેમાં ૧ લાખ ૧૫ હજાર ૯૪૨ એક્ટિવ કેસ છે. એક લાખ ૧૪ હજાર ૦૭૩ સાજા થઈ ચુક્યા છે. સાથે જ ૬૬૪૨ લોકોના મોત થયા છે.

દેશમાં જે કેસો વધી રહ્યાં છે તેમાં સૌથી વધારે કેસો મહારાષ્ટ્રના છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૦૨૨૯ કેસ નોંધાયા છે જ્યારે ૨૮૪૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

મહારાષ્ટ્ર બાદ બીજા નંબરે તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૮૬૯૪ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૩૨ લોકોના મોત થયા છે. તો રાજધાની દિલ્હીમાં ૨૬૩૩૪ કેસ નોંધાયા છે અને ૭૦૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૯,૧૧૯ લોકો કોરોના સંક્રમણમાં આવ્યા છે અને અત્યારસુધીમાં ૧,૧૯૦ લોકોના મોત થયા છે. તામીલનાડુમાં ૨૮૬૯૪ કેસ અને ૨૩૨ના મોત થયા છે. દિલ્હીમાં ૨૬૩૩૪ કેસ અને ૭૦૮ લોકોના મોત થયા છે.

### મહારાષ્ટ્રના અહમનગરવાસીઓએ પ્રસ્તાવ પાસ કર્યો

## દર વર્ષે બે મહિનામાં આઠ દિવસ ગામડાઓમાં લોકડાઉન રહેશે

મુંબઈ,તા.૬

જયાં લોકો એકબાજુ લોકડાઉનથી પરેશાન છે, ત્યારે બીજી તરફ મહારાષ્ટ્રના અહમદનગરના ગામવાસીઓએ નક્કી કર્યું છે કે તેઓ હવે દરવર્ષે લોકડાઉન લાગુ કરશે. આ ખબર સાંભળવામાં થોડી અટપટી લાગી શકે છે, પરંતુ આ સાચું છે.

કોરોના વાયરસથી બચવા માટે દેશભરમાં લોકડાઉન કરાયું હતું અને હવે ધીમે-ધીમે ચરણબદ્ધ રીતે તેને હટાવાઈ રહ્યું છે, પરંતુ લોકડાઉને મહારાષ્ટ્રના અહમદનગરવાસીઓને ઘણા પ્રભાવિત કર્યા છે અને તેની એવી અસર થઈ છે કે નગર પંચાયત સમિતિએ દરવર્ષે આઠ દિવસનું લોકડાઉન રાખવાનો પ્રસ્તાવ પાસ કર્યો છે. અમહદનગર પંચાયત સમિતિના રામદાસ ભોરે જણાવ્યું કે, આ લોકડાઉને અમને પરેશાની જ નથી આપી પરંતુ ઘણુ બધુ શીખવ્યું છે.

કોરોના વાયરસે સમગ્ર દુનિયામાં આતંક મચાવીને લોકોને ઘરમાં બેસવા મજબૂર કરી દીધા છે. પરંતુ ખેડૂતો આ મુશ્કેલ સ્થિતિમાં પણ પોતાનું કામ કરી રહ્યા હતા. કોરોના સંકટે શહેર અને ગામના લોકોને ઘણું બધું શીખવી દીધું છે. આ કારણે જ અહમદનગર પંચાયત સમિતિએ આ નિર્ણય લીધો છે કે હવે ધરતીને પણ થોડો આરામ આપવો જરૂરી છે. આથી ૧૦૫ ગામના લોકોએ એક મતથી આ પ્રસ્તાવ પસાર કર્યો છે કે દરવર્ષે બે મહિનામાં ૮ દિવસ ગામડાઓમાં સંપૂર્ણ રીતે લોકડાઉનનું પાલન કરવામાં આવશે. જેમાં ગામની બધી દુકાનો બંધ રહેશે, સાથે જ ખેડૂતો ખેતીના તમામ કામ બંધ રાખીને લોકડાઉનનું પાલન કરશે.

મહાત્મા ગાંધી પોતાના જીવનકાળમાં ગામડાઓ પર ખાસ ધ્યાન રાખવા અને ‘ગામ તરફ ચલો’ની વાત કરતા હતા પરંતુ ત્યારે તેમની વાતને ગંભીરતાથી નહોતી લેવાઈ. પરંતુ અહમદનગરના ગામલોકોએ ગાંધીજીના આ સૂત્રને પોતાના મનમાં બેસાડી દીધું છે. કોરોના વાયરસના કારણે લોકો શહેરોથી પોતાના ગામમાં પાછા આવ્યા છે અને ખેતીના કામમાં જોડાયા છે. શહેરની ભપકાદાર લાઈફસ્ટાઈમાંથી ગામમાં આવતા લોકોની જિંદગીમાંથી આરામ ગાયબ થઈ ગયો હતો. આ જ આરામ અને સુખને પાછા લાવવા લોકડાઉનનો પ્લાન બનાવાયો છે. આ ૮ દિવસોમાં વિકાસ અને તેના પર અલમ કરનારી યોજનાઓ પર કામ કરાશે. લોકોના શ્રમદાન દ્વારા ગામનાા વિકાસ કાર્યો કરાશે.

### વિશ્વ આરોગ્ય સંસ્થાએ આયુષ્યમાન ભારત યોજનાની પ્રશંસા કરી

## ભારતમાં કોરોના ખૂબ ઝડપથી નથી ફેલાઈ રહ્યો પરંતુ જોખમ અકબંધ: WHO

### અવરજવર શરૂ થવાના કારણે સંક્રમણ ફેલાવવાનું જોખમ, કેસ ડબલ થવાની ગતિ પર નજર રાખવી મહત્ત્વપૂર્ણ

જિનિવા,તા.૬

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ કોરોના સંક્રમણને અટકાવવાના ભારતના પ્રયત્નોની પ્રશંસા કરી છે. ડબલ્યુએચઓના જણાવ્યા પ્રમાણે, ભારતમાં સંક્રમણ ઝડપથી નથી ફેલાઈ રહ્યું, પરંતુ તેનું જોખમ યથાયવત છે. એટલા માટે સાવધાન રહેવાની જરૂર છે.

ડબલ્યુએચઓના સ્વાસ્થ્ય આપત્તિ કાર્યક્રમના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો.માઈકલ રિયાનના જણાવ્યા પ્રમાણે, ભારતમાં કોરોના કેસ ત્રણ અઠવાડિયામાં બમણા થઈ રહ્યા છે છે, પરંતુ મામલા સતત વધી રહ્યા છે. ભારત જ નહીં પરંતુ બાંગ્લાદેશ, પાકિસ્તાન અને દક્ષિણ એશિયાના ગીચ વસ્તીવાળા દેશોમાં પણ મહામારીની સ્થિતિ વિસ્ફોટક નથી, પરંતુ આવું થવાનું જોખમ છે. રિયાન ચેતવણી આપી કે જો સંક્રમણ સમુદાયના સ્તરે શરૂ થશે તો તે ખૂબ ઝડપથી ફેલાશે.

રિયાનના જણાવ્યા પ્રમાણે, ભારતમાં લોકોની અવરજવર ફરીથી શરૂ થઈ ગઈ છે, આવી સ્થિતિમાં સંક્રમણ વધવાનું જોખમ છે. અહીં સ્થળાંતર કરનારાઓની સંખ્યા વધારે છે, શહેરી વિસ્તારોમાં ભીડ અને ઘણા લોકોને દરરોજ કામ પર જવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી જેવા મુદ્દાઓ પણ છે.ડબલ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સોમ્યા સ્વામિનાથનના જણાવ્યા પ્રમાણે, ભારતમાં કોરોનાના જેટલા કેસ છે જે ૧૩૦ કરોડની વસ્તની હિસાબથી વધારે નથી. પરંતુ સંક્રમણ વધવાનો દર અને કેસ ડબલ થવાની ગતિ પર નજર રાખવી મહત્ત્વપૂર્ણ છે.

## દિલ્હીમાં કેટલીક ખાનગી હોસ્પિટલ બેડના કાળા બજાર કરી રહી છે: કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૬

દિલ્હીમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોના વાયરસના દર્દીઓને બેડ નહીં ફાળવવાના મુદ્દે હવે સરકારે લાલ આંખ કરી છે. ખાનગી હોસ્પિટલોની મનમાનીનો મુદ્દો સોશિયલ મીડિયા ઉપર તેમજ વિપક્ષે પણ ઉઠાવતા શનિવારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેટલાક કડક નિર્ણયો જાહેર કર્યા છે. દિલ્હીમાં હવે કોઈપણ સંદિગ્ધ કોરોના દર્દીના કેસને લેવાનો હોસ્પિટલ ઈનકાર નહીં કરી શકે. સીએમ કેજરીવાલે કટાક્ષ કરતા કહ્યું કે દિલહીમાં કેટલીક હોસ્પિટલોનું રાજકીય પક્ષો સાથે સેટિંગ છે અને તેઓ કેસ નહીં લેવાની બદમાશી કરી રહ્યા છે. કોરોનાના સંદિગ્ધ દર્દીઓને દાખલ કરવા માટે કેટલીક હોસ્પિટલો લાખો રૂપિયા માંગી રહી છે અને આવા કાળા બજારીયાઓ સામે સરકાર આકરા પગલાં લેશે તેમ સીએમે જણાવ્યું હતું.

કેજરીવાલે ચેતવણીના સૂરમાં જણાવ્યું કે દરેક હોસ્પિટલે દર્દીઓની સારવાર કરવી પડશે. જો કોઈ હોસ્પિટલ સારવાર કરવાનો ઈનકાર કરશે તો તેની વિરુદ્ધ કડક પગલાં લેવાશે. સીએમએ લક્ષણો વગરના સંદિગ્ધોને જણાવ્યું કે તેઓ ટેસ્ટ ના કરાવે કારણ કે તેનાથી લોડ વધી જશે. કેજરીવાલ સરકારે લક્ષણ વગરના દર્દીઓને ૨૪ કલાકમાં ડિસચાર્જ કરવાનો આદેશ આપ્યો છે.કેજરીવાલે કેટલીક બેદરકાર ખાનગી હોસ્પિટલને ચેતવણી આપતા કહ્યું કે તેમણે દર્દીઓની સારવાર કરવી પડશે. આ હોસ્પિટલ્સ નિયમો મુજબ દર્દીની સારવાર કરે નહીં તો તેમની સામે કડક પગલાં લેવાશે. બે-ચાર હોસ્પિટલોને એવું છે કે તેઓ કાળા બજાર કરી શકશે પરંતુ આવી હોસ્પિટલોને છોડવામાં નહીં આવે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૯૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૯૬૧૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૧૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૩૩૨૪**

## કોરોના સંકટ વચ્ચે ૨૧ જુલાઈથી યોજાશે અમરનાથ યાત્રાઃ ૩ ઓગસ્ટે સમાપ્ત થશે



ન્યુ દિલ્હી,તા.૬

આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રા ૨૧ જુલાઈથી શરૂ થશે અને ૩ ઓગસ્ટ સુધી ચાલશે. તે ૧૫ દિવસની અવધિની રહેશે. જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સમુદ્ર સપાટીથી ૩,૮૮૦ મીટર ઉપર સ્થિત ગુફા મંદિરમાં મુસાફરીના મામલાઓ સંભાળનારા અમરનાથજી શ્રાઈન બોર્ડ (એસએએસબી) ના અધિકારીઓએ આ વાત કહી હતી.યાત્રા માટેની ‘પ્રથમ પૂજા‘ યોજવામાં આવી હતી. આ સમયની મુસાફરી કોરોના વાયરસ મહામારીને કારણે અવધિમાં કટોતી કરવામાં આવી છે. સાધુઓ સિવાય, અન્ય યાત્રાળુઓમાં ૫૫ વર્ષથી ઓછી વયના લોકો માટે જ મંજૂરી રહેશે. મુસાફરી કરતા બધા લોકો પાસે કોવિડ નેગેટિવ પ્રમાણપત્ર હોવું આવશ્યક છે.એસએએસબીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં યાત્રા શરૂ કરવાની મંજૂરી આપતા પહેલા યાત્રિકોને વાયરસની ક્રોસ ચેક કરવામાં આવશે.× સાધુઓ સિવાય તમામ યાત્રિકોએ યાત્રા માટે ઓનલાઇન નોંધણી કરાવી લેવી પડશે. તે પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે ૧૫ દિવસ દરમિયાન સવારે અને સાંજે ગુફા મંદિરમાં કરવામાં આવેલી ‘આરતી‘ દેશભરના ભક્તો માટે લાઇવ પ્રસારણ કરવામાં આવશે.યાત્રા ૨૦૨૦ ફક્ત ઉત્તર કાશ્મીર બાલટાલ માર્ગ પરથી પસાર થશે. અધિકારીઓએ કહ્યું હતું કે, “આ વર્ષે કોઈ પણ યાત્રીઓને પહેલગામ રૂટ પર જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.” યાત્રા ૨૦૨૦ રક્ષાબંધનના તહેવારના દિવસે શ્રાવણ પૂર્ણિમા પર ૩ ઓગસ્ટે સમાપન થશે.

## કોરોનાની આયુર્વેદિક દવાની ક્લિનિકલ ટ્રાયલ રાજસ્થાનમાં શરૂ

જયપુર,તા.૬

કોરોના સામે લડવા સમગ્ર દુનિયામાં રિસર્ચ ચાલી રહ્યા છે. કેટલાક દેશોની કંપનીઓ દવાની એકદમ નજીક પહોંચી જવાનો દાવો કરી રહી છે. આ સૌની વચ્ચે હવે ભારતમાં પણ આયુર્વેદની દવાઓનો કોરોના પોઝિટિવ દર્દીઓ પર ક્લિનિકલ ટ્રાયલ શરૂ થઈ ગઈ છે. રાજસ્થાનના જયપુરમાં કોરોનાના દર્દીઓ પર આયુર્વેદિક દવાઓનુ પરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે.

જયપુરના રામગંજમાં ૧૨૦૦૦ લોકો પર આયુર્વેદની એક ઈમ્યુનિટીની દવાની ટેસ્ટિંગ પણ શરૂ કરવામાં આવી છે. કેન્દ્રીય આયુષ મંત્રાલય આ ટ્રાયલ ક્લિનિકલ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન ટીમની સાથે મળીને કરી રહી છે. આયુષ મંત્રાલયના આધિન કામ કરનારા રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાએ કોરોનાને લઈને ચાર દવાઓ બનાવી છે જેમાંથી એકનું નામ છે આયુષ ૬૪. જેને પગલે આયુષ મંત્રાલય ઉત્સાહિત છે.

રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાન જયપુરે કોરોનાના દર્દીઓ પર આનો ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે. આ ક્લિનિકલ ટ્રાયલ કોવિડ-૧૯ ના પ્રથમ સ્ટેજના દર્દીઓ પર જયપુરના એક ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે. આયુર્વેદ સંસ્થાનના ડાયરેક્ટરનું કહેવુ છે કે આ દવા સામાન્ય રીતે પહેલા મલેરિયા માટે આપવામા આવતી હતી પરંતુ આમાં કેટલાક પરિવર્તન સાથે કોરોનાના દર્દીઓને આપવામાં આવી રહી છે.

આના અધ્યયન માટે ક્લિનિકલ રિસર્ચ ઑર્ગેનાઈઝેશનનો સહયોગ લેવામાં આવી રહ્યો છે. આયુર્વેદ સંસ્થાનના ડાયરેક્ટરે કહ્યુ કે ત્રણથી ચાર મહિનામાં આના રિઝલ્ટ સામે આવી જશે. શરૂઆતી પરિણામ સારા દેખાઈ રહ્યા છે. આ સિવાય ૧૨૦૦૦ લોકોને લઈને આયુર્વેદિક દવા સંશમની બુટીના ઈમ્યુનિટી બુસ્ટરનો ટ્રાયલ પણ શરૂ કરવામા આવ્યા છે. રામગંજ જેવા કંન્ટેન્ટમેન્ટ એરિયાના લોકોને આ દવાની બે-બે ગોળીઓ સવાર-સાંજ ખવડાવવામાં આવી રહી છે. ૪૫ દિવસ બાદ પરિણામનુ અધ્યયન કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

## ગુજરાત આત્મનિર્ભર પેકેજમા વીજળી બિલ રાહત મશ્કરી બનશે કે શુ...? સ્કુલ ફી કેમ ભુલાઈ....?

દેશમાં અનલોક-૧ જાહેર કરતા પહેલા કેન્દ્ર સરકારે દેશભરના રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે **lockdown** બાબતે ચર્ચા કરી હતી. જેમાં મોદીજીની નજીક ગણાતા અને ભાજપા શાસિત બે મોટા રાજ્ય ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગીજીએ અને કર્ણાટકના મુખ્યમંત્રી યેદુરપ્પાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે **lockdown** લંબાવવામાં ન આવે અને મોલ તથા ધાર્મિક સ્થળો ખોલી નાખવા જોઈએ. તેમજ લોકડાઉન બાબતે નિર્ણય લેવા રાજ્યોને સત્તા આપવામાં આવે. આ કારણે વડાપ્રધાન મોદીજી આ બંને મુખ્યમંત્રીથી ખુશ નથી......! આખરે અનલોક-૧ જાહેર થયું. પરિણામે મોદીજી જે દાવો કરતા હતા કે કોરોના"સામેની લડતમાં ભારત બીજા દેશો કરતાં વધારે સક્ષમ્ સાબિત થયું છે... તે દાવાના ધજીયા ઉડી ગયા... અનલોક-વન જાહેર કરવા સાથે જે રીતે છૂટછાટ આપવામાં આવી તેના કારણે રોજેરોજ કોરોનાગ્રસ્તોના કેસો વધવા લાગ્યા... તેમજ મૃતાક સંખ્યા પણ વધવા લાગી.... હાલના સમયમા દેશભરમાં બધા મળીને કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૩૨ હજારની પાર થઈ ગઈ છે. જ્યારે મૃતાક ૬૬૦૦ થી આગળ વધી રહ્યો છે.... આ કારણે વડાપ્રધાન મોદીજી જે જોરશોરથી દાવો કરી રહયા હતા કે ભારત કોરોના સામેની લડતમાં બીજા દેશો કરતાં સક્ષમ્ છે તે વાતનો છેદ ઉડી ગયો છે... જ્યારે કે મુખ્યમંત્રી યોગી અને મુખ્ય મંત્રી યેદૂરપ્પાએ રાજ્યની તિજોરી પર ભાર ન વધે અને મોલ તેમજ મંદિરો ખોલી નાખવાથી આવક વધશે તેવી તેઓની ગણતરી હતી જે ગણતરી પણ તેઓની સફળ નહીં થાય. કારણ દેશભરમાં મોટાભાગના પ્રવાસી શ્રદ્ધાળુ અને પર્યટકો ના ખિસ્સા ખાલી થઈ ગયા છે. તો કોરોના સંક્રમિત થઈ જવાનો મોટો ડર છે જેથી ધાર્મિક સ્થળોની યાત્રા અને પર્યટકોની સંખ્યા હાલમાં પ્રવાસ-મૂલાકાતો કરવાથી દૂર રહેશે.....! એટલે યુપી અને કર્ણાટક રાજ્યની ધારણાં સફળ નહીં થાય તેવા સંજોગો પ્રવર્તી રહ્યા છે.....!

દેશમાં લાંબા સમયના **lockdown** ની અસર વધુમાં વધુ પરપ્રાન્તિય શ્રમજીવીઓ ઉપર થવા પામી છે.... સવિશેષ હતા અને લાખો શ્રમજીવુઓએ પોતાના વતનની વાટ પકડી લીધી છે. જેનું કારણ છે સરકારે જાહેર કરેલ સહાય અને આદેશનો અમલ ન થતા મોટાભાગનાને ખાવા-પીવા, રહેવાની તકલીફ ઉભી થઈ ગઈ હતી..... તો રોજગારી-ધંધા બંધ હતા એટલે આવક પણ બંધ હતી. તો કામના સ્થળે જોઈતી સહાય કોઈએ આપી નહી તેથી મોટા ભાગનાએ વતનની વાટ પકડી લીધી. તો વતન જનારા પૈકી ૮૦ જેટલા શ્રમજીવીઓના કે તેમના પરિવાર સંતાનોના મોત થયા છતાં મીડિયા પર ચર્ચા કે ઉલ્લેખ નહીં... અને એક હાથણીની સાથે થયેલા અમાનુષી અત્યાચાર બાબતે ડેબિટો શરૂ થઈ ગઈ.... મતલબ શ્રમજીવીઓ જાનવરથી પણ ગયેલા છે તેવું ફલિત થયું.....! અને આજની તારીખે ૧૨ કરોડથી વધુ બેરોજગારો બની ગયા છે... જે આવનાર સમયમાં ભાજપા માટે નુકસાન દેહી બની શકે તેવી સંભાવના વધી પડી છે......!! જોકે યુપી અને બિહારે વતન પરત આવેલા શ્રમજીવીઓને રોજગાર મળી રહે તે માટે નવા ઉદ્યોગો ઉભા કરવા સાથે વિવિધ પ્રોત્સાહનો શરૂ કર્યા છે. જે અન્ય રાજ્યો માટે તકલીફ રૂપ બનશે.... કારણ કે નાના ઉદ્યોગો, કારખાનાઓ, વિવિધ ઉત્પાદન એકમોને મજૂરો મળવાની શક્યતા ઘટી જશે....! તેવી આશંકાઓ ઉદભવવા પામી છે.....!

ગુજરાતમાં શંકરસિંહ વાઘેલાએ ફુકેલ દારૂબંધી હટાવવાનું રણશિંગુ તથા અન્ય મુદ્દાને કારણે ભાજપા અને કોંગ્રેસ અકળામણમાં મુકાઈ ગયા છે.....! ત્યારે ગુજરાત સરકારે તેને ખાળવા ૧૪,૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ જાહેર કર્યું તેમાં રૂપાણી સરકાર શિક્ષણ ફી અંગે તદ્દન બેધ્યાન રહી છે તેવા સવાલો આમ પ્રજા વચ્ચે ઉઠવા પામ્યા છે તો ૨૦૦ યુનિટ વિજ વપરાશકર્તા ગ્રાહકોને બીલમાં ૧૦૦ યુનિટનું બિન માફની રાહત જાહેર કરી છે.... ત્યારે મોટા ભાગના લોકોમા સવાલ ઉઠવા પામ્યો છે કે સૌથી વધુ તકલીફમાં મધ્યમ વર્ગ,લોઅર મધ્યમ વર્ગ અને નોકરિયાત વર્ગ મુકાયો છે.ગરમીની સિઝનમાં ્ર્ષ્ઠાર્ઙ્ખુહ એટલે ઘર બહાર નીકળવાનું નહીં ત્યારે ગરમીમાં પંખા તો ફરતા જ રહેવાના....તેમજ બે રૂમ રસોડાનુ મકાન હોય ત્યા મોટા ભાગે ત્રણ પંખા તો હોયજ એટલે સ્વાભાવિક વધુમાં વધુ દર મહિને ૨૫૦ થી ૩૦૦ યુનિટ વીજવપરાશ થાય..... તો મોટાભાગના મહાનગરો, શહેરી વિસ્તારોમાં બે મહિને વિજ મીટર રીડીગ કરવામાં આવે છે..... ત્યારે તેની સ્પષ્ટતા જરૂરી છે. તેમજ વીજ બીલ સહાયમા માત્ર ૧૦૦ યુનિટ.... પરંતું સરકારી વિવિધ કરો, ફયુઅલ ચાર્જ વગેરે માફ નહી..... તો આમાં મોટાભાગનાને વીજવપરાશ રાહતનો લાભ મળશે નહીં.... તો શું રાજ્ય સરકારે મધ્યમ વર્ગ સાથે મશ્કરી કરી હોય તેમ નથી લાગતુ.....? ખરેખર તો માર્ચથી જુલાઈ માસ માટે સંપૂર્ણ વીજબિલ માફ કરે... અને શાળા ફી પ્રથમ સત્રની માફ કરે તો ખરેખર સરકારી સહાય કહેવાય... નહીં તો મશ્કરી થી વધુ નથી......! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૭/૦૬/૨૦૨૦, રવિવાર, જેઠ વદ-૨
સૂર્યોદય-૬-૦૩, સૂર્યાસ્ત-૭-૨૮, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૪૪ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૬ સુધી, ૧૪-૨૭થી શુભ-૧૬-૦૭ સુધી, ૧૯-૨૮થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૭ સુધી<br>- શુભ હોરા-<br>૭-૧૧થી ૧૦-૩૨ સુધી, ૧૧-૩૯થી ૧૨-૪૬ સુધી, ૧૫-૦૦થી ૧૮-૨૧ સુધી, ૧૭-૧૪થી ૧૮-૨૧ સુધી |

# કપરાડામાં જંગલી પ્રાણીઓ વેચવાના વેપારનો પર્દાફાશ, ૫ ઈસમો ઝડપાયા

કપરાડા : અજીત પટેલ



૨૧મી સદીમાં પણ કેટલાક વિસ્તારોમાં અંધવિશ્વાસ અડગ જ રહ્યો છે. અંધવિશ્વાસમાં લોકો એટલા અટવાયા છે કે, કેટલીક વિધિઓ કરવા માટે જીવતા પ્રાણીઓને પણ છોડતા નથી, ત્યારે આવી જ એક ઘટના કપરાડામાં સામે આવી છે. કપરાડા તાલુકામાં ઓઝરડા ગામે જળ બિલાડીની ખરીદી કરવા આવેલા પાંચ ઈસમોને જંગલ ખાતાએ ઝડપી પાડયા છે, ત્યાર બાદ આ તમામ આરોપીઓના મોબાઈલ ચેક કરતાં તેમાંથી અન્ય પ્રાણીઓની પણ લે-વેચ થતી હોવાના ફોટા અને વીડિયો મળી આવતા જંગલ વિભાગ પણ ચોંકી ગયું છે. એક ચોક્કસ પ્રકારે જંગલનાં પ્રાણીઓની લે-વેચ કરવાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાનું બહાર આવ્યુ છે.

૨૧મી સદીમાં પણ કેટલાક વિસ્તારોમાં અંધવિશ્વાસ અડગ જ રહ્યો છે. અંધવિશ્વાસમાં લોકો એટલા અટવાયા છે કે, કેટલીક વિધિઓ કરવા માટે જીવતા પ્રાણીઓને પણ છોડતા નથી, ત્યારે આવી જ એક ઘટના કપરાડામાં સામે આવી છે. કપરાડા તાલુકામાં ઓઝરડા ગામે જળ બિલાડીની ખરીદી કરવા આવેલા પાંચ ઈસમોને જંગલ ખાતાએ ઝડપી પાડયા છે, ત્યાર બાદ આ તમામ આરોપીઓના મોબાઈલ ચેક કરતાં તેમાંથી અન્ય પ્રાણીઓની પણ લે-વેચ થતી હોવાના ફોટા અને વીડિયો મળી આવતા જંગલ વિભાગ પણ ચોંકી ગયું છે. એક ચોક્કસ પ્રકારે જંગલનાં પ્રાણીઓની લે-વેચ કરવાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાનું બહાર આવ્યુ છે.

અંધ-વિશ્વાસ સાથે જોડાયેલા પ્રાણીઓ વેચવાના વેપલાનો પર્દાફાશ, ૫ ઈસમો ઝડપાયાજંગલોમાં વસવાટ કરતા પ્રાણીઓને ઊંચી કિંમતે વેચીને અંધવિશ્વાસની વિધિ કરવા માટે તેનો ઉપયોગ લોકો કરી રહ્યા હોવાનું બહાર આવી રહ્યું છે. ગ્રામીણ કક્ષાએ આજે પણ ભૂવાઓ દ્વારા પ્રાણીઓનો ઉપયોગ કરીને હવામાંથી પૈસા પડતા હોવાની હકીકતો જાણવા મળી રહી છે. જે માત્ર એક મૃગ જળ સમાન છે પરંતુ તેમ છતાં પણ કેટલાક લોકો આવી વિધિ કરાવવા માટે પ્રાણીઓને ખરીદવા માટે ઊંચી કિંમત ચૂકવવા માટે ખચકાતા નથી.આવો જ એક કિસ્સો કપરાડા તાલુકામાં બહાર આવ્યો છે તાલુકાના ઓઝર ગામે રહેતા બાબુભાઈ ઓઝરીયા જેમણે તેમના નજીકથી વહેતી અંબિકા નદીમાંથી માછલીની જાળ નાખીને જળબિલાડી પકડી હતી જોકે આ જળ બિલાડીએ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની શિડ્યુલનું જળચર પ્રાણી ગણવામાં આવે છે. તેને પકડવું કે તેને રાખવું એ કાયદાકીય ગુનો છે છતાં પણ ઈસમએ તેને પકડી એક ટોપલામાં રાખી તેને અંદાજીત રૂપિયા ત્રણ લાખની કિંમતે વેચવા માટે વાસદા ગામે તાડપાડા ફળિયામાં રહેતા શખ્સનો સંપર્ક કર્યો. આ સોદો થવાની બાતમી એક એનજીઓને થતાં તેમણે વડોદરા વન સંરક્ષણને જાણકારી આપી હતી. આ માહિતી વલસાડ જિલ્લાના વન સંરક્ષણને મળતા કપરાડાના નાનાપોંઢા ફોરેસ્ટ વિભાગના અધિકારી અને તેમની ટીમે નજર રાખી હતી.જો કે, આ જળ બિલાડીને ખરીદવા માટે આવેલા પાંચ જેટલા ઈસમોને જંગલ વિભાગના અધિકારીએ ઝડપી લીધા હતા. તેઓ ત્રણ લાખ રકમ આપીને જળ બિલાડીની ખરીદી કરવા માટે આવ્યા હતા. આરોપીઓમાં કપરાડા બાપુ બાબલુ ઓઝરીયા, નડિયાદના જ્યોતિન્દ્ર શશીકાંત પંડ્યા, વડોદરા મકરપુરાના ચિરાયુ આનંદભાઈ પટેલ, વાંસદાના અશોક વિનુ બારીયા, વડોદરા હરીપુરાના ઈન્દ્રજીતસિંહ મહેન્દ્રસિંહ વાઘેલાની ફોરેસ્ટ વિભાગે ધરપકડ કરી હતી. આ તમામને પૂછપરછ કરતા તેઓ કંઈ પણ બોલવા રાજી ન હતા, પરંતુ જ્યારે તેમના મોબાઈલ ફોન ચેક કરવામાં આવ્યા તો તેમાંથી વન્ય પ્રાણીઓના ફોટા અને તેમના વેચાણ અર્થેની વિગતો જંગલ વિભાગના અધિકારીને મળી હતી. જેથી એક વાત સ્પષ્ટ થઈ હતી કે, આ તમામ લોકો ચોક્કસ પ્રકારે વન્યપ્રાણીઓની લે-વેચનું કૌભાંડ ચલાવી રહ્યા છે. હાલ તો જંગલ વિભાગે આ પાંચની ધરપકડ કરી તેમની સામે વન્ય પ્રાણીજીવન નિયમ અંગેની કલમો અંતર્ગત ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.મહત્વનું છે કે, ગ્રામીણ કક્ષાએ આજે પણ કેટલાક લોકો અંધવિશ્વાસમાં માને છે. તો કેટલાક ભગત ભૂવાઓ હવામાંથી પૈસા પાડવાની વિધિ કરવા માટે કેટલાક વન્યપ્રાણીઓ જેવા કે જળ બિલાડી, કાચબા, શેડો જેવા અનેક પ્રાણીઓનો ઉપયોગ કરતા હોય છે. તેને મેળવવા માટે લોકો ગાંડાની જેમ પૈસા ખર્ચે છે. આ વિધિમાં થતું કાંઈ નથી પરંતુ ભગત ભૂવાઓ લોકોનો લાભ લઈ નાણા કમાઈ લેતા હોય છે. આવા અનેક કિસ્સાઓ અગાઉ પણ નોંધાયા છે પરંતુ અંધવિશ્વાસમાં તણાયેલા લોકોની આંખો ખુલતી નથી.

# મતદાતાઓનો સતત ભરોસો તોડતા ગુજરાતના ધારાસભ્ય

અકબર દિવાન

ભારત દેશ માં લોકશાહી નામ પૂરતી સીમિત હોય એવું અવારનવાર બનવા પામી રહ્યું છે

જ્યારે પણ ચૂંટણી આવે ત્યારે ચૂંટાયેલા સભ્યો ચલક ચલાણું રમવા માંડે છે ભારત ભરમાં મતદાતાઓનો સરેઆમ ઉપયોગ થઈ રહ્યો છે ચૂંટણી લડતો સભ્ય મત મેળવવા માટે નતનવા કિમિયા અજમાવી મતદાતા પાસે મત મેળવી ચૂંટાય જાય છે પછી કોણ હું અને કોણ તું આવો ઘાટ ઘડાય છે

લોક ડાઉન દરમિયાન પ્રજા પરેશાન હાલ હતી ત્યારે અમુક નેતાઓ ને બાદ કરતા કોઈએ પ્રજાનો હાલ પૂછ્યો નથી

રાજનેતાઓએ વિચાર કરવો જોઈએ કે પ્રજાએ વિશ્વાસ રાખી સત્તા પર બેસાડ્યા છે માટે પ્રજાહિતના કાર્ય કરી પ્રજાનો વિશ્વાસ કાયમ રાખીએ પણ અહીં તો ઊલટો ઘાટ ઘડાય છે પ્રજાનું જે થવું હોય તે થાય સત્તા અને રૂપિયા માટે જરા પણ શરમ રાખ્યા વગર સીધો પક્ષ પલટો કરવામાં આવે છે

ખરેખર હવે પ્રજાએ જાગૃત થવાની તાતી જરૂર છે

# રાજકોટના આલેબૈત પીરે તરિકત મુસ્તાક અલી બાપુનું કોરોના થી નિધન

અકબર દીવાન

રાજકોટમાં કોરોના વાઈરસનો ભરડો ભયકંર રીતે છવાયો છે શહેરમાં ઘણાબધા પોઝિટિવ કેશ સામે આવ્યા છે અને વધારે પોઝિટિવ કેશ નોંધાયા હોય તો એ છે જંગલેશ્વર વિસ્તાર અહીંયા કોરોના પોઝિટિવના અઢળક કેશ સામે આવ્યા છે આવિસ્તારમાં રહેતા આલેબૈત અને પિરેતરિકત સૈયદ મુસ્તાક અલી બાપુને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો ટૂંકી સારવાર બાદ મુસ્તાક અલી બાપુ નું ઈન્તકાલ થતા મુસ્લિમ સમાજમાં ગમગીની ફેલાઈ જવા પામી હતી

ત્યારબાદ સરકાર શ્રીની ગાઈડ લાઈન મુજબ રાજકોટના હુબલિશા કબ્રસ્તાન ખાતે દફન વિધિ કરવામાં આવી હતી દફનવિધિ વેળાએ કબ્રસ્તાન ના પ્રમુખ મહેબૂબ ભાઈ અજમેરી..ઉપ પ્રમુખ હારૂનભાઈ શાહમદાર તેમજ સૈયદ સિકંદર બાપુ કાદરી..મહેબૂબ બાપુ..લાલાભાઈ માડ઼કિયાં..રહીમભાઈ સોરા..હાજી બાબુભાઈ વિશળ..હાજી રહેમાનભાઈ ડાકોરા..અમીનભાઈ શમા..તેમજ પોલીસ સ્ટાફ..ડોક્ટરર્સ સ્ટાફ..ફાયર બ્રિગેડ સ્ટાફ હાજર રહ્યા હતા

# અરવલ્લીના મોડાસા નગરપાલિકાના આદર્શ સોસાયટી વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિશષ્ટ

## બફર ઝોન વિસ્તારમાં ૧૯ જૂન સુધી લોકોની અવર-જવર પર ૫. કિ.મી ત્રિજયામાં પ્રતિબંધ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ ર્ઝ્રંફૈંડ્ઢ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧,૮૦,૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા નગરપાલિકાના આદર્શ સોસાયટી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 ™ku Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલ મોડાસા નગરપાલિકાના આદર્શ સોસાયટી વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૯ જુન ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# રાજ્યમાં ૨૧મી જૂનથી વિધિવત રીતે ચોમાસાનું થશે આગમન

અમદાવાદ,તા.૬

રાજ્યભરમાં બે દિવસથી સૂસવાટાભેર પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. નિસર્ગ વાવાઝોડાની અસરને કારણે આ કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૧મી જૂનની આસપાસથી ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ જશે. આ સાથે આગાહી કરવામાં આવી છે કે, નૈઋત્યનાં ચોમાસાનો દક્ષિણ ગુજરાતથી પ્રારંભ થશે. ગુજરાતમાં કાળઝાળ ગરમી બાદ હવે ચોમાસાનો ક્યારે પ્રારંભ થશે તેની ચાતક નજરે રાહ જોવાઈ રહી છે. હવે વધુ લાંબો સમય ચોમાસાની રાહ જોવી પડે તેની સંભાવના નહિવત્ છે.ગુજરાતમાં ૨૧ જૂનની આસપાસથી ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થઈ જવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

# બનાસકાંઠા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી હીરા ઉદ્યોગને લોન આપવા રજૂઆત



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના વાયરસની મહામારીને પગલે હિરા ઉદ્યોગ પડી ભાગ્યો છે. બીજી તરફ સરકારના રાહત પેકેજમાં હિરા ઉદ્યોગને લોન આપવામાં આવે તે બાબતનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જેને પગલે પાલનપુર હિરા ઉદ્યોગ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી હિરા ઉદ્યોગને લોન આપવામાં આવે તે બાબતે જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી છે.કોરોના વાયરસને પગલે છેલ્લા ત્રણ માસથી સમગ્ર ભારતને સરકાર દ્વારા લોકડાઉન કરવામાં આવ્યુ હતુ. જેના પગલે મોટાભાગના ધંધા રોજગાર પડી ભાગ્યા છે.જેના પગલે સરકાર દ્વારા રાહત પેકેજ તેમજ નાના ધંધા રોજગારને લોન આપી ફરી બેઠા કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા પેકેજમાં હિરા ઉદ્યોગને સહાય કે લોન આપવાની બાબતનો સમાવેસ કરવામાં આવ્યો નથી. સૌથી વધુ રોજગારી હિરા ઉદ્યોગ આપતુ હોય છે.પરંતુ અત્યારે લોકડાઉન બાદ હિરા ઉદ્યોગ પણ પડી ભાગ્યો છે. તો સરકાર દ્વારા નિતી નિયમો મુજબ હિરાના વેપારીઓ, કારખાનેદારો અને કારીગરોને લોન આપવામાં આવે તે માટે પાલનપુર હિરા ઉદ્યોગના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી માંગ કરવામાં આવી છે.

# ૮મી જુને મંદિરો ખૂલશે પણ બે મહિના ઉત્સવો નહિ ઉજવાય

ગાંધીનગર,તા.૬

રાજ્યના ધાર્મિક સ્થાનોના વડાઓ સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી વીડિયો કોન્ફરન્સ કરશે. મંદિરો, મસ્જિદો અને ચર્ચ સહિતના ધાર્મિક સ્થળો ૮ જૂનથી ખુલ્લા મુકાશે. જ્યારે આ માટેની ગાઈડલાઈન નક્કી કરવા અને ગાઈડલાઈનનો અમલ કરાવવા તથા સૂચનો માગવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અત્યારે સવારે ૧૧ વાગ્યે ગુજરાતનાં પ્રસિદ્ધ મંદિરોના વડાઓ, મહંતો, સંચાલકો સાથે કોન્ફરન્સ કરી હતી.ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે મસ્જિદો અને ચર્ચોના વડાઓ, ઈમામ સાહેબ અને ખ્રિસ્તી સાદરીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ કરશે. સોમવારથી શરતોને આધીન મોલ ખુલશે, મંદિર, મસ્જિદ, હોટલ અને રેસ્ટોરાં સરકારની ગાઈડ લાઈન અનુસાર આ બધું ખુલી રહ્યું છે. મંદિરો અને ધાર્મિક સ્થળો ખુલશે. પરંતુ ભાવિકોને પ્રસાદ નહીં મળે એટલુ જ નહીં શ્રધ્ધાળુઓ ભગવાનને સ્પર્શ કરી નહીં શકે અને ચરણામૃત પણ નહીં લઈ શકે.

પૂજા કરતી વેળાએ ૬ ફૂટનું અંતર રાખવું પડશે. બુટ, ચપ્પલ પણ ગાડીમાં જ રાખવા પડશે. લોકોને ધાર્મિક સ્થળ, રેસ્ટોરાં અને મોલમાં છ ફૂટનું અંતર, મોઢા પર માસ્ક, સેનિટાઈઝેશન અને થર્મલ સ્ક્રિનિંગ જેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. ધાર્મિક સ્થળોમાં પ્રવેશદ્વાર નજીક જ સેનેટાઈઝર રાખવું પડશે. ભાવિકો ઘંટ વગાડી નહીં શકે અને ધાર્મિક ગ્રંથને સ્પર્શ પણ નહીં કરી શકે.

## ધારીમાં પ્રથમ પુર આવતા ડેમમાં ધીંગી આવક

# સરસીયા, ફાચરીયા, અમૃતપુર-( ઠીકરીયા ) સહીત સળંગ તુલસી-શ્યામ રોડ પર વરસાદ



ધારી તાલુકાના ગીર કાંઠાના ગામડાઓમાં સારો એવો વરસાદ વરસી જતા આજે ધારીની ગાંધીબ્રીજ વાળી નદી અને નતાળીયા નદીમાં બે કાંઠે પુર આવ્યું હતું જેને લઈ ખોડીયાર ડેમમાં પણ ધીંગી આવક થવા પામી છે

તુલસીશ્યામ રોડ પર વસેલા ગીરકાંઠાના ગામડાઓમાં આજે સચરાચર મેઘમહેર થતા ખેડૂતો અને લોકોનો હરખનો પાર નહોતો રહ્યો અંદાજીત બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યાં છે તાલુકાના સરસીયા, ફાચરીયા, અને અમૃતપુર-( ઠીકરીયા )માં મેઘ મહેરના પ્રતાપે ધારી આવી શેત્રુંજીમાં વિલીન થતી ગાંધીબ્રીજવાળી નદી અને નતાળીયા નદીમાં બે કાંઠે ઘોડાપુર પણ આવ્યા હતા ચોમાસાની ભીમ-અગિયારસ સમયે થયેલ લાજવાબ એન્ટ્રીને માણવા અને વહેતી નદીને જોવા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા . અત્રે ઉલ્લેખનીય છે કે હજુ હમણાં જ ખોડીયાર ડેમમાંથી ઉનાળું પાકને સિંચવા માટે પાણી છોડવામાં આવ્યું છે હજુ સુધી ડેમ ગયા ચોમાસામાં થયેલ પાણીની આવકથી ભરચક જ હતો તેવા સમયે પુનઃ ડેમમાં ધીંગી આવક શરૂ થઈ છે હવે ચોમાસાના પ્રથમ રાઉન્ડમાં જ ડેમ ફરી પાછો ઓવરફ્લો થઈ જાય તો કાંઈ નવાઈ નહી

રિપોર્ટર:યોગેશ ઉનડકટ સાવરકુંડલા

### હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું..!!

# મોડાસા શહેરના લક્ષ્મી કોમ્પ્લેક્ષ માંથી ઈડર કોટડાના ૩૦ વર્ષીય યુવકની લાશ મળી

અરવલ્લી બ્યુરો મોડાસા

સાબરકાંઠાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામનો ૩૦ વર્ષીય યુવકની લાશ મોડાસા શહેરની લિઓ પોલીસ ચોકી સામે આવેલા લક્ષ્મી કોમ્પ્લેક્ષમાં આવેલી ખાનગી હોસ્પિટલની લોબી માંથી મળી આવતા ભારે ચકચાર મચી હતી યુવકની લાશ પડી હોવાની વાત વાયુવેગે પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોટા કોટાડાથી યુવકના પરિવારજનો અને સગા-સંબંધી ઘટનાસ્થળે પહોંચ્યા હતા મોટા કોટડાના યુવકની લાશ લક્ષ્મી કોમ્પ્લેક્ષ આગળ થી મળી આવતા તરેહ તરેહ ની ચર્ચાએ જોર પકડ્યું છે

મોડાસા શહેરના બસસ્ટેન્ડ સામે આવેલા લક્ષ્મી ગેસ્ટ હાઉસ નીચે આવેલ ખાનગી હોસ્પિટલની લોબીમાં ૩૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા અનેક શંકાઓ-કુશંકાઓ પેદા થઈ હતી ઈડર તાલુકાના મોટા કોટડા ગામનો ભરતસિંહ મોહનસિંહ પરમાર નામનો ૩૦ વર્ષીય યુવક પીકઅપ ડાલામાં શાકભાજીની હેરાફેરી કરે છે શુક્રવારે રાત્રે મોડાસામાં પીકપડાલુ લઈ આવેલા ભરતસિંહને છાતીમાં દુખાવો ઉપડતા રોડ પર પીકઅપ ડાલુ પાર્ક કરી લક્ષ્મી ગેસ્ટ હાઉસની નીચે આવેલ ખાનગી હોસ્પિટલમાં પહોંચ્યો હતો અને લોબી આગળ જ ઢળી પડતા મોતને ભેટતા ભારે દોડધામ મચી હતી ખાનગી હોસ્પિટલની લોબીમાં ૩૦ વર્ષીય યુવકની લાશ પડી હોવાની માહિતી મોડાસા ટાઉન પોલીસને મળતા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી યુવકના પરિવારજનોનો સંપર્ક કરી ઘટના અંગે જાણ કરતા યુવકના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા ટાઉન પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા ટાઉન પોલીસે મોહનસિંહ અમરસિંહ પરમારની ફરિયાદના આધારે સીઆરપીસી કલમ-૧૭૪ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### પ્રાંતિજ નગરપાલિકાના નાની ભાગોળ વિસ્તારમાં લોકોને

# પીવાના પાણીની સુવિધા માટે ૨૯.૭૨લાખના ખર્ચે સંપ બનાવવા માટેના કામનું ખાતમુહૂર્ત



મોટી ઈસરોલ,

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના નાની ભાગોળ વિસ્તારમાં લોકોને પીવાના પાણી ની સુવિધા માટે પાણી સંગ્રહ માટે સરકારના ૧૪મા નાણા પંચની ગ્રાન્ટ માંથી રૂપિયા ૨૯.૭૨લાખના ખર્ચે સંપ બનાવવા માટેના કામનું ખાતમુહૂર્ત સંસદસભ્ય દિપસિહ રાઠોડ તેમજ ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિહ પરમાર અને માં.શિક્ષણમંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જયસિંહજી ચૌહાણ ના વરદહસ્તે કરવામાં આવી હતી .તેમજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ નો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો .

મહેમાનો સહિત તમામે તમામ હોદ્દેદારો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતું આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ ન.પા.ના ચીફ ઓફિસર બાંધકામ સમિતિના અધ્યક્ષ અરવિંદભાઈ પરમાર નગરના અગ્રણી નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તેમજ કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી સહિતના કોર્પોરેટરોએ હાજર રહી ખાતમુહૂર્ત અને વિશ્વ પર્યાવરણ પ્રસંગે હાજર રહી વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.મનુભાઈ નાયી પ્રાંતિજ...

### રાજકોટ શહેરમાં ફક્ત ફક્ત બે એમ. એમ. વરસાદમાં

# રાજકોટમાં પ્રિ મોનસૂન કામગીરીની અનેક ક્ષતિઓ બહાર આવી : વશરામભાઈ સાગઠિયા

રાજકોટ મહાનગર પાલિકાના વિરોધ પક્ષના નેતાની યાદી મુજબ રાજકોટ શહેરમાં ૨૪ કલાકમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં બે એમએમ વરસાદ નોંધાયો છે ત્યારે સમગ્ર રાજકોટ શહેરમાં ઠેર ઠેર ગટરો છલકાણી છે વીજળી ગુલ થઈ છે અનેક સ્થળોએ પાણીના મોટા મોટા ખાડાઓ ભરાણા છે તેમજ શહેરમાં અનેક સ્થળે કચરા-ગંદકીના ગંજ જોવા મળ્યા છે જયારે રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાનું તંત્ર અને પીજીવીસીએલની અને પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે અને તંત્ર દ્વારા કરવામાં આવતિ કામગીરી ના રિપોર્ટ ખોટા ઠર્યા છે.

શહેરમાં ફક્ત બે મિલીમીટર જેટલો વરસાદ પડતા તંત્ર દ્વારા લાખો અને કરોડો રૂપિયા પ્રિમોન્સુન કામગીરી પાછળ વાપર્યા છે તે પ્રજાના પૈસાનો વેડફાટ થયો છે ક્યાંકને ક્યાંક પ્રજાના પૈસાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આક્ષેપ મહાનગરપાલિકાના વિરોધ પક્ષ નેતા વશરામભાઈ સાગઠીયા કર્યો છે તેમ છતાં જો મહાનગરપાલિકાનું તંત્ર ૧ એપ્રિલથી પ્રિમોન્સુન કામગીરી શરૂ કરી હોય તો આજ દિવસ સુધી માં અનેક વોકડાઓ ગટરો મેન હોલ અને હેડિંગ સાફ-સફાઈ થયા હોવાના દાવા કર્યા છે ત્યારે વિપક્ષ નેતા વશરામભાઈ સાગઠિયાએ આક્ષેપ કર્યો છે કે ફક્ત વરસાદના ઝાપટામાં જ તંત્રની ૉી-ર્દ્બહર્જહ ની નબળી અને લાપરવાહી વાળી કામગીરી થઈ હોવાથી મહાનગરપાલિકાએ પ્રજાના નાણાનો દુરુંઉપયોગ કર્યો છે અને તંત્ર કામગીરી કરવામાં નિષ્ફળ રહ્યું છે હજુ તો વરસાદી માહોલને સપ્તાહ બે સપ્તાહની વાર હોય ત્યારે તંત્ર ફરીથી પ્રિમોન્સુન કામગીરી મોન્સુન કામગીરી એકશન પ્લાન ઘડી અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરે તેવી વિપક્ષ નેતા વશરામભાઈ સાગઠિયાએ માંગણી કરી છે

# દાહોદ દાહોદમાં તમામ વાણિજ્યક પ્રવૃત્તિને રવિવારે રજા રાખવાની છે:દાહોદ કલેક્ટર

અભેસિંહ રાવલ

દાહોદ કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું છે કે, લોકડાઉનના અંતિમ તબક્કામાં અને તે બાદ અનલોક-૧માં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામાથી વાણિજયક પ્રવૃત્તિને છૂટછાટ આપવામાં આવી છે અને તે જાહેરનામામાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે કે આવી પ્રવૃત્તિને રવિવારે એક દિવસ રજા રાખવાની છે. ગ્રામપંચાયતો અને



નગરપાલિકા રવિવારના દિવસે માર્કેટમાં સેનિટાઇઝેશનની કામગીરી કરી શકે એ માટે રવિવારે રજા રાખવાનો આદેશ કર્યો હોવાનું જણાવતા કલેક્ટરશ્રીએ ઉમેર્યું કે, અતિઆવશ્યક વસ્તુઓ જેમ કે દૂધનું વિતરણ રવિવારે કરી શકાય પણ, કિરાણા સ્ટોર, શાકભાજી સહિતની બાબતોના વેપાર રવિવારે બંધ રાખવાના છે. આ ઉપરાંત, રાત્રી દરમિયાન કર્ફ્યુ પણ યથાવત છે. સતત પૂછાતા પ્રશ્નોના જવાબમાં કલેક્ટરશ્રીએ આ મુજબ જણાવ્યું છે.

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગઃ એકોક્તિ
શિર્ષક : રજ્જો( કોલગર્લ )

( જાહેરમંચ ઉપર નગર શ્રેષ્ઠિઓએ અબળા, લાચાર, અસહાય બહેનોને સહાય વિતરણનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. સહાય પ્રાપ્ત કરનાર અમુક બહેનો પોતાનો અભિપ્રાય આપી રહી છે. રજ્જો ધીરે પણ મક્કમ પગલે જનમેદની ચીરતી મંચ પર પહોંચી માઈક હાથમાં લઈ લે છે.)

"મંચ ઉપર ઉપસ્થિત સૌ દાતાશ્રીઓ, સજ્જનો અને સન્નારીઓ...આપ સૌને મારા નમસ્કાર... શાંત શાંત નગરજનો સૌ શાંત થાઓ.(સામે આંગળી ચીંધી ને ) ઓ ભાઈશ્રી તમે ખિલખિલ હસો છો ને , કાનાફૂસી કરો છો બરાબરને ! તો સાંભળો (પોતાના તરફ આંગળી ચીંધીને) આ સ્ત્રી રજની... એક સીધી સાદી ઘરરખ્ખુ સ્ત્રીમાંથી રજ્જો કેવી રીતે બની. અરે અરે...આઘા ખસો... ખબરદાર ! આજે મારી પાસે કોઈએ માઈક છીનવવાની કોશિષ કરી છે તો ! આજે હું જે બોલીશ તે આપ સૌએ સાંભળવું જ પડશે."

"હા...આ એજ શેઠ દયાળચંદજી,દયાના અવતા...ર !. અરે અરે શેઠજી, બેસો બેસો... ક્યાં જાવ છો તમે !?" ( છટકી જવા મથતા શેઠને બેસાડી દે છે.)

"મારા પતિ શેઠજીના કારખાનામાં નોકરી કરતા હતા. ત્યાં જ એક એક્સિડન્ટમાં એમણે બંને પગ ગુમાવ્યા. શરુઆતમાં તો શેઠજીએ મદદ કરી.પરંતુ જેમ સમય વિતતો ગયો તેમ તેમ અમારી પણ બચત પૂરી થઈ ગઈ અને... શેઠજીએ તો ક્યારનુંય મોં બતાવવું બંધ કરી દીધું હતું ! આખરે હું શેઠજી પાસે ગઈ અને મારા પતિની જગ્યાએ મને નોકરી આપવાની આજીજી કરી. એકવાર તો મીઠી મીઠી વાતો કરીને મને વદા કરી ! હારીથાકીને ફરીથી એમની પાસે ગઈ. એમણે મને એક રુમમાં બોલાવી અને... ત્યાં થયો મારા જીસ્મનો પ્રથમ સોદો... ! લાચાર હતી, કોઈ બીજો રસ્તો નહોતો ! !મારા પરિવારની પેટની ભૂખ સંતોષવાની હતી, દીકરીનું ભવિષ્ય બનાવવાનું હતું... શું કરું ...! પછી તો એ જાણે નિયમ થઈ ગયો ! જીસ્મ આપો પૈસા લો...! હદ તો ત્યારે થઈ જ્યારે એણે પોતાની ગંદી જીભ પર મારી દીકરીનું નામ લીધું. હું ચેતી ગઈ.અને એમને અલવિદા કહી દીધું.

આમ પણ કામ તો આજ કરવાનું હતું... તો પછી હું મારી સ્વતંત્ર રીતે કામ કરીને વધુ પૈસા કેમ ન મેળવું...? બસ તો થઈ ગયો જન્મ રજ્જોનો...! અને એના જન્મદાતા... ( શેઠજી તરફ બતાવી ને ) જય હો... શેઠ દયાળચંદજીનો....!પણ...ખબરદાર લાભાર્થી બહેનો. હું પણ તમારી જેમ જ આ લાઈનમાં હતી. જો જો રખેને બીજી રજ્જોનો જન્મ ન થાય. ચાલો તો રજા લઉં. " ( સ્ટેજ ઉપરથી ઊતરી ને ચાલવા માડે છે. લોકોએ હુરિયો બોલાવતા શેઠજી પણ પાછળથી ભાગી જાય છે.)

જયશ્રીબેન દેસાઈ અમલસાડ

---

એકોક્તિ
શિર્ષક :: ગામડાની ગમાર નારી

(સીમા ક્યારની કંઈક સાંભળી રહી હોય એવું લાગે છે અને મનમાં ખૂબ જ ગુસ્સા સાથે સ્ટેજ પર આવે છે)

"તું તારી જાતને સમજે છે શું? ગામડાની છું તો મને ખબર નથી પડતી એમ?"

(થોડી વાર અડકીને)

"ઓય,,,, શું કે' છે તું? ગામડાના ગમાર જ હોય એમ? તારી જેમ મને શુદ્ધ ભાષા નથી આવડતી એમ? હાંભળી લેજે તુંય,,, મનેય આવડે જ છે હોં, પણ તારી જેમ કોઈની હટફેટે ચડવું નથી મારે સમજી!!!"

(થોડી વાર અડકીને)

"What you say to me Oy, Now you listen, what I say to you."

"કેમ, શું થયું? તને એમ હશે ને કે અમે ગામડામાં રહીએ છીએ, ખેતમજૂરી કરીએ છીએ, તો આ દુનિયા વિશે કોઈ સમજ જ નથી, તો તુંય તે સાંભળી જ લેજે,,, મારા મોઢેથી આજ,,, ગામડાની ગમાર નારીની ભાષા, સમજી!!!"

(સ્ટેજની સામે બેઠેલા લોકો તરફ હાથ ઉંચો કરીને)

"અરે ઓ શહેરીજનો સાંભળો, આજે મારે તમને કંઈક કહેવું છે. ગામડાના લોકોને ગમાર લોકો કહેતા પહેલા એ વાતનો સો વખત વિચાર કરી લેજો, તમે પણ ક્યાંક એ ગમારના વંશજો જ છો. તમારા વડીલો પણ પહેલા ગામડામાં જ રહેતા હશે. અને હા, મારો આ ગુસ્સો હું કંઈ એમનેમ અહીં નથી ઠાલવી રહી, આ શહેરમાં આવ્યાને વીસ વીસ વર્ષ થયા પણ એ ગામડામાં તો આજે પણ એ જ પ્રેમની મીઠી સુવાસ મળે છે જે વર્ષો પહેલા હતી અને આ ગીચ વસ્તી ધરાવતા શહેરમાં તો ધુમાડાનો જ વાસ છે. ગામડામાં આવકાર દેતા દરવાજા ખુલ્લા છે તો શહેરોમાં, 'પુછ્યા વગર આવવું નહીં' એવી દરવાજા પર છાપ છે. પણ યાદ રાખજો મિત્રો, તમે માંગવા આવનારને અટકાવી શકો છો, તો તમને આશીર્વાદ આપવા આવતા હાથ પણ એની સાથે જ અટકાવી દો છો."

"કહેવા તો ઘણું ઈચ્છું છું પણ અહીં હાજર રહેલ દરેક વ્યક્તિ પાસે સમય ઓછો છે એટલે એક વાત કહીશ કે ક્યારેય કોઈના કપડા કે વતન પરથી એની લાયકાત નક્કી ના કરતા એને સાંભળવાની એક કોશિશ કરજો નહીંતર તમારી લાયકાત એ વ્યક્તિ આંકી જશે."

(મોટા અવાજે)

" હું ગામડાની એક સામાન્ય નારી છું,
હા, હું એક ગમાર અભણ નારી છું,
પણ,,, પણ
હું દુર્ગા રૂપે દુનિયા પર એકલી જ ભારી છું. "

(બે સેકન્ડ આંખ બંધ કરીને)

જય ભારત જય હિન્દ
જય જવાન જય કિસાન

(બધાને બે હાથ જોડીને નમસ્તે જય હિન્દ કહીને જાય છે)

- તેજલ વઘાસીયા (ઉમરાળી, જૂનાગઢ)
૦૪/૦૬/૨૦૨૦ બુધવાર

---

વિભાગ ;- "ગદ્ય "
શીર્ષક :- મોહનીયાની મા.

( ગામઠી સાડીમાં શોભતી મોહનીયાની મા એના પતિને ચાનો કપ આપતા બોલે છે. )

અરે ઓ ! મોહનીયા ના બાપુ હાંભળો સો, એ આપણા નજીકના ગાંમમાં મેરો ભરાયો સ, તો આપણે ચાણ જવું સ,મોહનીયા ન લઈન !!

હું કીધું ! માંણહ વધાર આવ સ મેરા માં ઇમ,તો એમાં હું થયું ! આપણે બે માણહ હાસવીસુ મોહનીયાન ,હાલોને

ઘણા દાડાથી ચોય નથી લેય જ્યાં મોહનીયાન....

હું બોલોસ !હંભરાય ઇમ બોલો, હા પણ હાલતુ નથી જવુ આપણ,બસમાં જહુ પણ જવુ સ હાસુ, લો તમે તો આજ ન આજ રાજી થઈ જ્યા, હારુ ઉ બધું કોમ કરી લઉં દહ વાગતામાં પસ જઇએ....

ઓ મોહનીયા હોભર !તારા બાપુએ મેરા માં જવાની હા પાડી સ, તું ખટકથી તેયાર થઈ જા ,તારાં નવાં લુગડાં મી આ મેલ્યાં ...

મોહનીયા જોતો ખરો !તારા કરતાં તારા બાપુનો વટ પડ સ, હું કીધું મારો પણ વટ પડસ ઇમ, હા ઈતો પડ તે ચેટલું

કાંમ કરવાનું તોય હું તો રઉ તો હારી રીતમાં હો....??

અરે મોહનીયાના બાપુ ! આતો મેરામાં ચીડયારું ઉભરાણું! મોહનીયાન હાજો બરાબર, ચોય ખોવઈ ના જાય ,અરે મોહનીયા તારા હાટુ તો આયા મેરામાં તું કે ઇ લાય દેહુ થોડી નિરાંત ખા....

ઓ મોહનીયા !ચાં દોડસ આ રમકડાં પાસડ દોડ્યો જોવાંતો ! ઓ મોહનીયાના બાપુ ચોય નથી દેખાતો આપણો મોહનિયો ,ચાં હેડી જ્યો !ઓ મારા બાપા હું એન ચાં હોધુ , હું ચિંતા ના કરું તમે કાં પણ !તમે હટલઇ ન ઇન હોધાં મારુ જીવતર રોરાઈ જાહે....

મારા દીકરા !તું ચાં જતો રયો આ મેરામાં કોઈ લઈ ન વહ્યું જાહે, મારા મોહનીયાન,ઓ ભગવાંન ! મારા જાયા ન હાસવજો" બુન તમે કો સાં ઇ બધું બરાબર પણ ઇના બાપૂ ન ના મલ્યો તો ,મારુ જીવતર રોરાઈ જાહે....

મારો મોહનિયો "મારો દીકરો ! મલ્યો ઇમ ભગવાંન નારીયેરની તોયન સડાવે મારો મોહનિયો મલી જ્યો. ચાં જતો રેલો બેટા ? મારુ કાળજું બેહી જાત અમણાં, હું કીધું મોહનીયાના બાપુ જતા રઈયે ઘેર "એ હાલો ! આજ મારી લાજ રઈ જઈ મારો મોહનિયો મલ્યો... હાલો બેટા ઘેર જતા રઈયે.

( મોહનીયનો હાથ પકડી પતિ સાથે ઘરે જવા મોહનીયાની મા ચાલવા માંડે છે)

શીલા પટેલ.....ગાંધીનગર..

---

: ગદ્ય
શીર્ષકઃ "ક્ષણેક્ષણે ક્ષીણ થતી દ્રોપદીની મનોવ્યથા"

( શ્રીકૃષ્ણ દ્વારા યુદ્ધ કરવું કે નહીં તે પ્રશ્નન અને યુદ્ધમાં સંતાનોનો નાશ થશે તે જાણી દ્રૌપદી વ્યથીત છે ત્યારે કૃષ્ણ આશ્રવાસન આપે છે કે સખી તારું દુઃખ સમજી શકું છું.તેના પ્રત્યુત્તરમાં દ્રૌપદી પોતાની વેદના વ્યક્ત કરે છે.)

ગોવિંદ , "હા ,યુદ્ધનું પરિણામ જાણી વિચલિત બની છું. ખબર છે, યુદ્ધ હોય ત્યાં મૃત્યુ હોય પરંતુ આ મહાયુદ્ધ કુરુક્ષેત્રમાં નહીં પરંતુ, અત્યારે તો મારાં મનમાં થઈ રહ્યું છે. નિર્દોષ નારીઓનાં સિંદૂરઓનો ભોગ લેવાશે. આ યુદ્ધ યજ્ઞમાં અનેક બાળકોનાં આધારોની આહુતિ અપાશે. સમગ્ર આર્યવર્તનું એક એક ઘર આ યુદ્ધ સાથે જોડાયેલું છે ત્યારે ઘરમાંથી નીકળતા આક્રંદ મારા કાન વીંધી નાખે છે.

તમે કહો છો ગોવિંદ કે,'મિત્રભાવ કારણે તમે મારી મનોવ્યથાને સમજી શકો છો!'

'ક્ષણે ક્ષણે ક્ષીણ થતી મારી મનોવ્યથા અને પીડાને તમે કેમ અનુભવી શકો?' ગોવિંદ

યજ્ઞબલિની આહુતિ આપતાં, દેવની કૃપાથી હું પ્રગટ થઈ ત્યારે મારાં પિતાશ્રી દ્રુપદ દ્વારા ઋષિગણો અને અતિથિ સમક્ષ મારો અસ્વીકાર કરતાં મારો શિરોચ્છેદ થયાનો ભાસ થયો. પરંતુ નિયતિ સમજી તેનો સ્વીકાર કર્યો.

આર્ય અર્જુને! મને વરણ કરેલી હોવા છતાં અજાણતા જ માતા કુંતીએ બધા ભાઈઓને " વહેંચીને લઇ લો"નો આદેશ આપતાં આર્યઅર્જુન સાથે પાણિગ્રહણ પહેલાં જ મારા કર ક્ષીણ થયાં.

ઇન્દ્રપ્રસ્થનાં રાજસૂય યજ્ઞમાં ચેદિ નરેશ શિશુપાલ દ્વારા ગોવિંદ તમારા અને મારાં મિત્રતા પર પ્રશ્નો ઉઠાવ્યો ત્યારે પ્રત્યુત્તર આપી શકતી હતી પરંતુ, રાજસૂયયજ્ઞ નિષ્ફળ ન થાય અને આતિથ્યનો અનાદર ન થાય તે હેતુસર આ વખતે મારી વાચાને મેં જાતે ક્ષીણ કરી.

શું દ્યુતસભામાં મને દાવ પર લગાવતાં પહેલાં આર્યવર્તના સમ્રાટધમેરાજે એકવાર પણ મારી તો ઠીક મારા ચાર પતિઓની સંમતિ લીધી? ના ગોવિંદ ના. મારા દ્વારા જે દાસી વડે સંદેશો મોકલ્યો, તે સંદેશાની પણ અવગણના કરી. તે જ સમયે મારા દેહનું હૃદયરૂપી અંગ ક્ષીણ થયું હોય તેવો અનુભવ થયો અને તમે કહો છો કે તમે મારી વ્યથા જાણો છો?

દુર્યોધનના આદેશથી દુઃશાસન મને જ્યારે સભા લાવ્યો ત્યારે પિતા સમાન મારા વડીલો મારા પ્રશ્નનાં પ્રત્યુત્તરમાં મૌન રહ્યા. દુઃશાસન દ્વારા મારાં વસ્ત્રો ખેંચવામાં આવ્યા ત્યારે પાંચ પતિઓની પત્ની હોવા છતાં નિઃસહાય બની ઊભી રહી.તે સમયે મારી આત્મજ્યોતિ તિમિરમાં પથરાઈ ગઈ અને ફરી એક વાર હું ક્ષીણ થઈ.

જયદ્રથે મારું અપહરણ કર્યું ત્યારે આર્યભીમ તેનો વધ કરવા તત્પર બન્યા, જયદ્રથના વધથી નિર્દોષ બેનદુઃશલાને સજા ન મળે.તેથી તેનો વધ ન કર્યો ફરી એકવાર ગોવિંદ મારી અંતરઆત્મા તાર તાર થઈ ગઈ.તમે કહો છો મારી મનોવ્યથા તમે જાણો છો.

હા ,હા પરિણામ જાણી વિચલિત છું. ધરાતલ પર કઈ જનેતા છે જે પોતાના સંતાનોનાં મૃત્યુનો ખેદ ન થાય? અત્યાર સુધી ઘણાં અપમાનો સહ્યા છે, જેના પરિણામે, મારાં દેહનાં એક એક અંગનો નાશ થતો આવ્યો છે. અભિમન્યુ જેને મારા કૂખે જન્મ નથી આપ્યો પણ એના મૃત્યુનો વિચાર કરતાં મારા તનથી ઉદર ક્ષીણ થયાંનો આભાસ થાય છે.

શિરોચ્છેદ,હસ્ત,વાચા,હૃદય,આત્મા તો પહેલાં જ નાશ થયાં છે અને અભિમન્યુના મૃત્યુથી ઉદરનો નાશ થશે તેમ છતાં પગનું અસ્તિત્વ છે.તેથી ગતિશીલ છું.પુત્રોના મૃત્યુ થતાં જ પગ પણ ક્ષીણ થઈ જશે.

હા, ગોવિંદ ધર્મ યુદ્ધ માટે તૈયાર છું.કારણ હું એક બળવાન રાજ્યની પુત્રી,સમર્થ રાજ્યની કુળવધૂ, પાંચ પતિઓ રક્ષિત હોવા છતાં, ધર્મનાં જ્ઞાતા એવા વડીલો હોય છતાં સમ્રાજ્ઞિની આવી સ્થિતિ હોય તો સામાન્ય નારીની તો શું સ્થિતિ થાય?

રુ'પલ' પટેલ

શ્રી રામકૃષ્ણહાઈસ્કૂલ, માંડવી

# અરવલ્લીના મેઘરજ તાલુકાના તરકવાડા ગામ વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિશષ્ટ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧,૮૦,૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મેઘરજ તાલુકાના તરકવાડા ગામમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવેલ મેઘરજ તાલુકાના તરકવાડા ગામ વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૯ જુન ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## જંગલેશ્વર વિસ્તારમાં જરૂરતમંદ લોકોને અનાજકિટ વિતરણ કરવામાં આવી



અકબર દીવાન

કોરોના અંતર્ગત લાંબો સમય લોકોના રીજીરોજગાર બંધ હોવાથી મધ્યમ વર્ગના લોકો કફોડી હાલતમાં મુકાયા છે હાલના તબક્કે સરકાર દ્વારા રોજીરોજગાર ચાલુ કરવા સરતી છૂટછાટ આપવામાં આવી છે છતાં પણ જનજીવન રાબેતા મુજબ થતા લોકોએ રાહ જોવી પડશે હાલના સમયે પ્રજા મુશ્કેલીનો સામનો કરવોજ પડશે આવા મુશ્કેલીના સમયે રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં જરૂરતમંદ લોકોને પી આઈ ગડુ સાહેબ ના હસ્તક અનાજકિટ નું વિતરણ કરવામાં આવ્યું

અનાજકિટ નું વિતરણ મુસ્લિમ અગ્રણી અલ્તાફભાઈ સુમરા..કોંગ્રેસ માઈનોરિટી ચેરમેન યુનુસભાઈ જુણેજા..મુસ્લિમ અગ્રણી અલાઉદીનભાઈ કારિયાણી..ભાજપ લઘુમતી મોરચા પ્રમુખ હારૂનભાઈ શાહમદાર..વોટર વર્કસ સમિતિ ચેરમેન બાબુભાઈ આહીર..આમદ નાઈ..બશીર હાલેપોત્રા..મકસુદ ચાવડા..હાજી રહેમાન ડાકોરા..કોર્પોરેટર હારુન ડાકોરા..લાલાભાઈ માડકિયા..સલીમ કારિયાણી..મહેબૂબ સુમરા..સહિતના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું

## પાટણમાં માસ્ક વગર અવરજવર કરતા વાહનચાલકો સામે તંત્રએ કરી લાલ આંખ



પાટણ

ભારત સરકાર દ્વારા કોરોના વાયરસને લઈને ૭૦ દિવાસના લોકડાઉન બાદ અનલોક-૧ ની જાહેરાત કરી હતી.જેમાં નિયમોને આધીન મોટાભાગના ધંધા રોજગાર માટે છૂટી આપવામાં આવી છે.જેને પગલે પાટણ શહેરમાં લોકોની અવરજવર વધી છે. અને મુખ્ય બજાર તેમજ વિવિધ જગ્યાઓએ લોકોની ભીડ જોવા મળી રહી છે. ત્યારે જિલ્લા કેલકટર દ્વારા પરિપત્ર બહાર પાડી અનલોક ૧ માં છૂટી આપવાની સાથે માસ્ક ફરજિયાત પહેરવા સૂચન કર્યું હતું તેમ છતાં ઘણા લોકો બજારોમાં માસ્ક વગર ફરતા હોઈ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતા હોય છે.જેને લઈ આજરોજ પાટણ પ્રાંત ઓફિસર સ્વપ્નિલ ખરે દ્વારા શહેરના બગવાડા દરવાજે માસ્ક ના પહેરી નિયમનું પાલન ના કરનાર રાહદારીઓ તેમજ વાહનચાલકો સામે લાલ આંખ કરી હતી.અને ૨૪ જેટલા નિયમનો ભંગ કરનાર લોકો સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવી હતી.અને તમામ પાસે ૨૦૦ રૂપિયાનો દંડ વસુલવામાં આવ્યો હતો.અને આ કામગીરીમાં નાયબ મામલતદાર ફળજીભાઈ ચૌધરી,તેમજ સ્ટાફ જોડાયો હતો.આ કડક કાર્યવાહીને પગલે વાહનચાલકો અને રાહદારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.




### દાહોદ જીલ્લાના નોકરીદાતા અને રોજગાર વાંછું માટે

## જીલ્લા રોજગાર કચેરી,દાહોદ દ્વારા ઓનલાઈન જોબ ફેર યોજવામાં આવશે

અભેસિંહ રાવલ દાહોદ

હાલ નોવેલ કોરોના હ–કોવીડ -૧૯ ના સંક્રમણ ને અટકાવવા માટે દેશ અને દુનિયામાં પ્રયત્નો થઇ રહ્યા છે..દાહોદ જીલ્લામાં ખાનગી ક્ષેત્રના ઉધોગોની જરૂરિયાત મુજબનું માનવ બલ (મેનપાવર) સ્થાનિક ધોરણે મળી રહે અને જીલ્લાના યુવાનો/ રોજગારવાન્છુઓ ઘેર બેઠા ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવવા ભરતી પ્રક્રિયામાં ભાગ લઈ શકે તે માટે જીલ્લા રોજગાર કચેરી ,દાહોદ દ્વારા ઓનલાઈન જોબ ફેરનું આયોજન કરવામાં આવનાર છે. ઓનલાઈન જોબ ફેરમાં ભાગ લેવા માંગતા નોકરીદાતા (એમ્પ્લોયર)દ્વારા રોજગાર કચેરી દાહોદની નોકરીદાતા માટેની ગુગલ લીંક પર અને કચેરીના ઈમેલ આઈડી પર એકમ સંસ્થાની જરૂરિયાત મુજબની ખાલી જગ્યાઓ માટેની વિગતો સબમિટ કરવાની રહેશે અને સી.એન.વી ફોર્મ મોકલવાનું રહેશે. ઓનલાઈન જોબ ફેરમાં જીલ્લાના રોજગાર કચેરી ખાતે નોંધાયેલા અને નોંધાયા સિવાયના તમામ રોજગારવાન્છુઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે ઉમેદવારોએ ઉમેદવાર માટેની ગુગલ લીંક પર ફોર્મ માં જણાવેલ તમામ ભરીને સબમિટ કરવાનું રહેશે. ગુગલ લીંક દ્વારા લાયકાત મુજબના ઉમેદવારોનું લીસ્ટ નોકરીદાતા (એમ્પ્લોયર)ને ઓનલાઈન ભરતી પ્રક્રિયા માટે મોકલવામાં આવશે..નોકરીદાતા દ્વારા રોજગાર વાંછું ની ભરતી કરવા માટે ઓનલાઈન પદ્ધતિ જેમાં ટેલીફોનીક ઈન્ટરવ્યું ,વોટ્સ સેપ /ગુગલ ડુઓ વિડીયો –ઓડિયો કોલિંગ તેમજ અન્ય સ્ત્રોત મારફતે પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. પ્રાથમિક પસંદગી બાદ ફાઈનલ પસંદગી માટે કંપની / સંસ્થાની જરૂરિયાત મુજબ સોસલ ડીસ્ટન્સિંગનું પાલન કરીને ડોક્યુંમેન્ટ વેરીફીકેશન અને મેડીકલ કરવાનું રહેશે. ઉક્ત ઓનલાઈન ભરતી મેળામાં ભાગ લેવા અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન માટે જીલ્લા રોજગાર કચેરીની હેલ્પલાઇન નંબર ૦૨૬૭૩-૨૩૯૧૫૯ અને ઈમેલ આઈ ડી dee-dah@gujarat.gov.in પર જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ દરમિયાન સંપર્ક કરવાનો રહેશે.દાહોદ જીલ્લાના નોકરીદાતા (એમ્પ્લોયર ) અને રોજગાર વાંછું માટે જીલ્લા રોજગાર કચેરી,દાહોદ દ્વારા ઓનલાઈન જોબ ફેર યોજવામાં આવશે . હાલ નોવેલ કોરોના –કોવીડ -૧૯ ના સંક્રમણ ને અટકાવવા માટે દેશ અને દુનિયામાં પ્રયત્નો થઇ રહ્યા છે..દાહોદ જીલ્લામાં ખાનગી ક્ષેત્રના ઉધોગોની જરૂરિયાત મુજબનું માનવ બલ (મેનપાવર) સ્થાનિક ધોરણે મળી રહે અને જીલ્લાના યુવાનો/ રોજગારવાન્છુઓ ઘેર બેઠા ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવવા ભરતી પ્રક્રિયામાં ભાગ લઈ શકે તે માટે જીલ્લા રોજગાર કચેરી ,દાહોદ દ્વારા ઓનલાઈન જોબ ફેરનું આયોજન કરવામાં આવનાર છે. ઓનલાઈન જોબ ફેરમાં ભાગ લેવા માંગતા નોકરીદાતા (એમ્પ્લોયર)દ્વારા રોજગાર કચેરી દાહોદની નોકરીદાતા માટેની ગુગલ લીંક પર અને કચેરીના ઈમેલ આઈડી પર એકમ સંસ્થાની જરૂરિયાત મુજબની ખાલી જગ્યાઓ માટેની વિગતો સબમિટ કરવાની રહેશે અને સી.એન.વી ફોર્મ મોકલવાનું રહેશે. ઓનલાઈન જોબ ફેરમાં જીલ્લાના રોજગાર કચેરી ખાતે નોંધાયેલા અને નોંધાયા સિવાયના તમામ રોજગારવાન્છુઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે ઉમેદવારોએ ઉમેદવાર માટેની ગુગલ લીંક પર ફોર્મ માં જણાવેલ તમામ ભરીને સબમિટ કરવાનું રહેશે. ગુગલ લીંક દ્વારા લાયકાત મુજબના ઉમેદવારોનું લીસ્ટ નોકરીદાતા (એમ્પ્લોયર)ને ઓનલાઈન ભરતી પ્રક્રિયા માટે મોકલવામાં આવશે..નોકરીદાતા દ્વારા રોજગાર વાંછું ની ભરતી કરવા માટે ઓનલાઈન પદ્ધતિ જેમાં ટેલીફોનીક ઈન્ટરવ્યું ,વોટ્સ સેપ /ગુગલ ડુઓ વિડીયો –ઓડિયો કોલિંગ તેમજ અન્ય સ્ત્રોત મારફતે પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. પ્રાથમિક પસંદગી બાદ ફાઈનલ પસંદગી માટે કંપની / સંસ્થાની જરૂરિયાત મુજબ સોસલ ડીસ્ટન્સિંગનું પાલન કરીને ડોક્યુંમેન્ટ વેરીફીકેશન અને મેડીકલ કરવાનું રહેશે. ઉક્ત ઓનલાઈન ભરતી મેળામાં ભાગ લેવા અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન માટે જીલ્લા રોજગાર કચેરીની હેલ્પલાઇન નંબર ૦૨૬૭૩-૨૩૯૧૫૯ અને ઈમેલ આઈ ડી dee-dah@gujarat.gov.in પર જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ દરમિયાન સંપર્ક કરવાનો રહેશે.

## માનસરોવર રોડ ઉપર આવેલ કૈલાશ વાટિકા બગીચો પુનર્જીવિત કરવાની માંગ

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૮ ના સદસ્ય અમૃતભાઈ જોષી(દાઢી) દ્વારા પાલનપુર નગરપાલિકા પ્રમુખ, મુખ્ય અધિકારી તેમજ પ્રાદેશિક કમિશનરશ્રી નગરપાલિકાઓ ગાંધીનગર સમક્ષ તારીખ ૦૫/૦૬/ ૨૦૨૦ ના રોજ લેખિત રજૂઆત કરતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૮ માં વનવિભાગ દ્વારા લાખો રૂપિયાના ખર્ચ બગીચો બનાવી આપવામાં આવેલ હતો શહેરવાસીઓને સુખાકારી માટે રમત ગમતના સાધનો બેસવા માટેની વ્યવસ્થા તેમજ વૃક્ષો અને ફૂલોથી સજ્જ આ બગીચો બનાવવામાં આવેલ હતો તા.૧૯ મી ઓક્ટોબર ૨૦૦૮ ને રવિવારના રોજ રોટરી ક્લબ ઓફ પાલનપુર ડાયમંડ સિટી દ્વારા કૈલાસ વાટીકા બગીચાનું લોકાર્પણ કરવામાં આવેલ હત. કૈલાસ વાટીકા બગીચાનું સંચાલન અને નિભાવ છેલ્લા દસ વર્ષથી રોટરી ક્લબ ઓફ ડાયમંડ સિટી દ્વારા સુંદર રીતે કરવામાં આવતું હતું.આ સુંદર મજાના બગીચાનો પ્રજાજનો હોશભેર અને ઉત્સાહ પૂર્વક ઉપયોગ કરતા હતા પરંતુ છેલ્લા બે વર્ષથી રોટરી ક્લબે તેનો કબજો પાલનપુર નગરપાલિકા ને પરત સોપેલ હતો ત્યારથી બગીચાની કોઈ સાર સંભાળ પાલનપુર નગરપાલિકા દ્વારા કરવામાં આવતી નથી તેના કારણે લાખો રૂપિયાના ખર્ચ સરકાર શ્રી દ્વારા પ્રજાજનોની સુખાકારી માટે બનાવેલ બગીચો ખંડેર હાલતમાં છે નગરપાલિકા દ્વારા બગીચામાં આપવામાં આવેલ પાણીની પાઈપલાઈન પણ પાલનપુર નગરપાલિકા એ બંધ કરી દીધેલ હતી તેથી આ બગીચામાં વાવેલા વૃક્ષો છોડ ઘાસ સુકાઈ ગયેલ છે આ બગીચામાં પાણી ની પાઈપ લાઈન ચાલુ કરાવવા માટે કિરીટભાઈ જોષી તેમજ તેમના મિત્ર વર્તુળ દ્વારા તેમજ અમોએ વારંવાર નગરપાલિકામાં રજૂઆત કરીને પાણીનું કનેક્શન ચાલુ કરાવેલ છે અને કિરીટભાઈ જોષી તેમજ પ્રજાજનોએ પણ આ બગીચો ચાલુ કરાવવાની રજૂઆત કલેકટરશ્રી તેમજ નગરપાલિકા ને કરેલ છે

સરકારશ્રીએ પાલનપુર નગરપાલિકા ને પ્રજાજનોની સુખાકારી માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવેલ છે છતાં પાલિકાના અણઘડ વહીવટને કારણે પ્રજાજનો સુવિધાથી વંચિત રહી જાય છે ઉપરોક્ત અમારી રજૂઆત ધ્યાને લઇ તાત્કાલિક કૈલાસ વાટીકા બગીચો જીવિત કરવા માટે તેમજ તેની નિભાવણી અને જાળવણી માટે વ્યવસ્થા કરવા ની રજુઆત વોર્ડ નંબર ૮ નાં સદસ્ય અમૃતભાઈ જોષીએ કરી હતી.

## હોતાવડામાં ગૌચર જમીન દબાણ બાબતે ફરિયાદ નોધાઈ

વડગામ તાલુકાના હોતાવાડા ગામમાં પાંચ એક મહિના પહેલા ગામના જ લોકો દ્વારા ગૌચર જમીન પર દબાણ કર્યું હતું તે દબાણ સરકાર શ્રી દ્વારા દૂર કરવામાં આવેલ હતું ત્યારે તારીખ ૧/૬/૨૦૨૦ ના રોજ ગામનો ગૌચર સર્વે નંબર જૂનો ૯૩ માં ગામના ઈબ્રાહિમભાઈ અલાઉદ્દીનભાઈ નાંદોલિયા દ્વારા એક એકર જેટલી જમીન પર દબાણ કરવામાં આવ્યું હતું તે બાબતે ગામનાં જ જાગૃત નાગરિક દલાભાઈ ચેલાભાઇ પરમાર દ્વારા ફોરેસ્ટ વિભાગ ,ગામના સરપંચ , તલાટીને જાણ કરેલ હતી જેથી તેઓએ સ્થળ નિરીક્ષણ કરેલ હતું ત્યારે તારીખ ૩/૬/૨૦૨૦ ના સાંજના છ વાગ્યે દલાભાઈ ઘરે આવતા હતા તે દરમ્યાન ઈબ્રાહિમભાઈ અલાઉદ્દીનભાઈ નાંદોલિયા તથા તેમનો દીકરો સોહિલ ઈબ્રાહિમભાઈ મોટર સાયકલ પર આવી જાતિ અપમાનિત કરી મારી નાખવાની ધમકીઓ આપી હતી અને કેમ અમારા વિરુદ્ધ દબાણ બાબતે રજૂઆત કરેલ છે તેવી અનેક ધમકીઓ આપાઈ હતી અને લીલા ઝાડ પણ જેસીબી દ્વારા મૂળમાંથી કાઢી નાખ્યાં હતા તેવું દલાભાઈ એ જણાવ્યું હતું અને તેમને આ બાબતે પોલીસ મથકે ઈબ્રાહિમભાઈ અલાઉદ્દીનભાઈ નાંદોલિયા અને સોહિલ ઈબ્રાહિમભાઈ નાંદોલિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી

## ભારતમાં સૌપ્રથમવાર કનવરજી વાધનિયા નામના ખેડૂતની બ્રાન્ડ એમ્બેસેડર તરીકેની પસંદગી થઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠાના ડીસા તાલુકાના રાણપુર ગામના એક ખેડૂત જેઓ ઓછી જમીન હોવાના નાતે શાકભાજીના ઉત્પાદન તરફ દોટ મૂકી અને ઓછા રોકાણે ઓછી જમીન વધુ આવક કઈ રીતે મેળવી શકાય એ હેતુથી તેમણે ચોળી નું વાવેતર કરવા નું વિચાર્યું તેમને માતૃ સીડ્સ કંપની ની મધુ જાત ની ચોળી નું વાવેતર કર્યું પોતાની સખત મહેનત અને મજૂરી થી એક વીઘામાં અંદાજિત ૫ થી ૭ લાખનું ઉત્પાદન મેળવી પોતાની આવક માં વધારો નોંધાવ્યો ખેડૂત ના જણાવ્યા મુજબ તેમણે પાલનપુર ની માતૃ સીડ્સ કંપનીનું મધુ જાત નામની ચોળીનું બિયારણ લાવી વાવેતર કરવામાં આવ્યું હતું જેમાંથી તેમને સારો એવો ફાયદો દેખાતા તેમણે લગાતાર બે ત્રણ વર્ષ આજ બિયારણનો વાવેતર કરી આવક માં વર્ષે ને વર્ષે વધારો જોવા મળતા રાણપુર ગામ ની






આજુબાજુમાં કનવરજી વાઘણીયા ના નામથી આ મધુ જાતની ચોળીનું બિયારણ પ્રખ્યાત થયું જ્યારે માતૃ ના માલિક અરવિંદભાઈ પટેલ ને મનોમન એક એવો વિચાર આવ્યો કે ઘણીબધી કંપનીઓ પોતાની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે હીરો હિરોઈન કે નામચીન વ્યક્તિ ને રાખતા હોય પણ આપણે આપણી બ્રાન્ડ ની વાવણી કરે એવી જ વ્યકિત ને કેમ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ ના કરીયે આવા વિચાર બાદ તેમણે પોતાની બ્રાન્ડ મધુ (ચોળી) બિયારણના પેકેજીંગ ઉપર કનવરજી વાધનિયા નામના ખેડૂતનો ફોટો છાપી અને આ ખેડૂતને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવ્યા જ્યારે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડના સંપાદકીય મંડળ દ્વારા કરવામાં આવે ચકાસણી મુજબ પાલનપુરની માતૃ સીડ્સ કંપની પહેલી એવી છે કે જેણે પહેલીવાર એક ખેડૂતને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવે અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નામ નોંધાવ્યુ

### બાગાયતી ખેડૂતોને ને વળતર ચુકવવા વંથલી કેશરી સેનાએ કરી માંગ

## નિસર્ગ વાવાઝોડાની અસરને પગલે સોરઠ પંથક માં કેરીનો ફાલ ખરી પડયો

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ ને છેલ્લાં ત્રણેક માસ થી લોક ડાઉન ચાલી રહ્યું છે આ સમય દરમ્યાન આર્થિક મંદીએ ચારેકોર ભરડો લીધો છે ત્યારે વિશ્વ વિખ્યાત કેશર કેરી નો હબ ગણાતા સોરઠ પંથક માં તાજેતરમાં આવેલ નિસર્ગ વાવાઝોડા ની અસર ને પગલે કેરી ખરી પડતા ખેડુતો પાયમાલ થઈ ગયા છે,ચીકુ ની સિઝન માં સોનમાખ એ તરખાટ મચાવ્યા બાદ કેશર કેરી પર આશા ભરી મિટ ખેડુતો માંડી ને બેઠા હતા પણ બિચારા ખેડુત ને ક્યાં ખબર હતી કે નિસર્ગ વાવાઝોડું તેમના

આશા અને અરમાનો પર પાણી ફેરવી નાખશે..??




વર્ષ માં એકવાર આવતી આ કેરી ની સિઝન પર ખેડુતો નો આર્થિક વ્યવહાર નો દારો મદાર રહેતો હોય છે, જુના કરજાઓ આરોગ્ય લક્ષી અને શેક્ષણિક ખર્ચાઓ નાના મોટા પ્રસંગો તેના પર નિર્ભર હોય છે પરંતુ કોરોના બાદ નિસર્ગ વાવાઝોડા એ ખેડુતો ની કમર તોડી નાખી છે ત્યારે કેશરી સેના વંથલી નાં ઈરફાનશાહ સોહરવર્દી,કાસમભાઈ જેઠવા,અશરફભાઈ નાગોરી અને અદનાન ડામર એ વંથલી નાયબ કલેક્ટર કચેરી મારફતે રાજ્ય નાં મુખ્યમંત્રીશ્રી ને એક આવેદનપત્ર પાઠવી ખેડૂતો ની વેદના વ્યક્ત કરી આ વિસ્તારમાં તાત્કાલિક અસરથી સર્વે કરી વળતર ચુકવવા માંગણી કરી છે..તસ્વીર- અહેવાલ જજ્ઞેશ પટેલ માણાવદર

### અરવલ્લીમાં કોરોનાનો કહેર યથાવત

## ૨ લોકો કોરોનાથી સંક્રમિત થતા ૧૨૮ પર કોરોના પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેર અને જિલ્લામાં લોકો ભયમુક્ત થઈને બેફામ અવર જવર કરી રહયા છે. જેના પગલે મોડાસા શહેર અને જિલ્લામાં વધુ ૨ લોકો કોરોનાગ્રસ્ત બનતાં જિલ્લામાં કોરોનાનો આંક ૧૨૮ પર પહોંચ્યો છે.

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૧૦૯ લોકો કોરોના સામે જંગ જીત્યા છે ત્યારે ૭ લોકોને કોરોના ભરખી ગયો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો ખતરો હોવા છતાં લોકો કોરોના સામે સાવચેતી દાખવવાના બદલે બેદરકાર જણાઈ રહ્યા છે. ત્યારે શનિવારના રોજ અરવલ્લીમાં વધુ બે કેસ કોરોના પોઝીટીવ નોંધાયા હતા. જેમાં મેઘરજ તાલુકાના તરકવાળા ગામના ૭૦ વર્ષિય પુરુષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જ્યારે અમદાવાદના વ્રજ રેસીન્ડસીના રહેવાસી પરંતુ મોડાસાની આદર્શ સોસાયટી ખાતે આવેલા ૩૦ વર્ષિય યુવકને કોરોના પોઝીટીવ આવતાં મોડાસા શહેરનો આંકડો ૪૩ પર પહોંચ્યો છે. જ્યારે જિલ્લામાં આજ સુધી કુલ ૧૨૮ કેસ નોંધાયા છે. જો કે તંત્ર દ્વારા મોડાસાની આદર્શ સોસાયટી તેમજ મેઘરજના તરકવાડાને કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરવા માટે તજવીજ હાથ ધરી દીધી છે.

## અરવલ્લીમાં મીની વાવાઝોડા સાથે મેઘરાજાનું મોંઘેરું આગમન

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં શુક્રવારની સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા ભારે પવન સાથે વીજળી અને કડાકા સાથે કેટલાંક વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટાં પડયાં હતા.મોડાસા શહેરમાં શુક્રવારે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી એક કલાકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો ભિલોડા, મેઘરજ પંથકમાં મીની વાવાઝોડા સાથે વરસાદી ઝાપટા પડતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો મોડાસા શહેરમાં વરસાદ શરુ થતાની સાથે રાબેતા મુજબ વીજળી ગુલ થઈ જતા પ્રથમ વરસાદમાં જ પ્રિમોન્સુન પ્લાનની પોલ ખુલી ગઈ હતી શહેરમાં વરસાદી માહોલના પગલે મોડાસાના શહેરીજનોએ આકરી ગરમીમાં રાહત મળી હતી. વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં શુક્રવારે આખો દિવસ ગરમી અને ઉકળાટભર્યા માહોલ સર્જાયા બાદ સાંજે કાળા વાદળો ઘેરાયા બાદ ૩૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું. જેથી ઠેરઠેર ધૂળની ડમરીઓ ઊડી હતી અને પછી વરસાદી ઝાપટું શહેરમાં વરસી ગયું હતું.મીની વાવાઝોડાના પગલે વૃક્ષો ધરાશાયી થવાની સાથે ઘણા હોર્ડિંગ્સ, બેનર્સ અને ફ્લેક્સ પણ પડી ગયા હતા.જીલ્લાના માર્કેટયાર્ડમાં રહેલો અનાજનો જથ્થો પલળતા બગાડવાની શક્યતા ઉભી થઇ હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.